**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૬/૦૭/૨૦૧૬ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૫/૧૬**

**શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી ૬૨ લીટર દેશી, ૧૪ બોટલ ઇગ્લીશ દારૂ, ૩૦ બીયરટીન, ૦૩ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા મુજબ ૦૨ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૭૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.**

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૬/૧૬**

**શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૯ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની** અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૭/૧૬**

**સરદારનગરઃ** પ્રીતીબહેન રેવાભાઇ રેવર (ઉ.વ.૧૬)(રહે.ખોડીયારનગર રામજી મંદિરની બાજુમાં, નોબલનગર) ને તા.૨૫/૭/૧૬ નાં કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી હિતેશ વાલજીભાઇ પંડ્યા લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ પ્રીતીબહેનના પિતા રેવાભાઇ રેવરે સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી આર પટેલ ચલાવે છે.

**ઉચાપતની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૮/૧૬**

**કારંજ** : અમીષ ભાસ્કરભાઇ શાહ (ચીફ એકાઉન્ટન્ટ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દાણાપીઠ) એ તા.૨૫/૭/૧૬ નાંરોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે એપ્રીલ ૨૦૧૫ થી ફેબ્રુઆરી ૨૦૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) અનિલકુમાર રમેશચંદ્ર પ્રજાપતિ (જુનિયર ક્લાર્ક) (૨)દીલીપભાઇ મનજીભાઇ બામણીયા (જુનિયર ક્લાર્ક) અને (૩) કૌશિક હિંમતલાલ રાવલ(નોન ટેક્નીકલ સુપરવાઇઝર)(તમામ નોકરી :- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ શહેર) નાઓએ ભેગામળી નવા પશ્ચિમ ઝોનના જુદા-જુદા સીટી સીવીક સેન્ટર પરથી નાણાં મેળવી, તે નાણા અમદાવાદ મ્યુ.કોર્પો.માં આવેલ નાણા વિભાગમાં જમા નહીં કરાવી, જે વિભાગનુ તમામ રેકર્ડ વિજીલન્સ ખાતાએ તપાસતા સામેલ પ્રાથમિક રિપોર્ટમાં ચલનમાં તફાવતવાળા રૂ.૭૭,૩૦,૫૭૧/- તેમજ ચલનના રૂપિયા ૨,૮૯,૭૭,૪૦૪/- નાણાં વિભાગમાં જમા નહિં કરાવી ઉપરોકત ત્રણેય કર્મચારીએ એકબીજાના મેળાપીણામાં કુલ રૂપિયા ૩,૬૭,૩૦,૯૭૫/- (ત્રણ કરોડ સડસઠ લાખ ત્રીસ હજાર નવસો પંચોતેર) ની રકમ નાણા વિભાગમાં જમા નહિ કરાવી ગેરરીતી કરી નાણાંની ઉચાપત કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જે.પાંડર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>ચોરી :-</u> <u>સમાચાર યાદી નં.૧૩૫૯/૧૬</u>

**ઇસનપુર : રાજકિરણ ફેંકી ફર્નાંડીઝ** (રહે.ડિવ એવન્યુ, નાઝુરેત કોલોની, મેથોડીસ ચર્ચની પાછળ, ભાઇપુરા, મણિનગર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૭/૧૬ ના કલાક ૯/૩૦ થી ૧૧/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન ઇસનપુર, મારૂતી સુઝુકી વર્કશોપનાં કેશીયર કેબીનમાં આવેલ તીજોરીમાંથી રોકડ રૂપિયા ૨,૪૯,૫૩૪/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.વૈશ્યક ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૩૬૦/૧૬</u>

**શાહપુર : સૈફઉલ્લાખાન ફૈજલુઉલ્લાખાન પઠાણ** (ઉ.વ.૧૯) (રહે.ઇન્પેરીયલ બેકરી પાછળ, જુનો ડકડવાડ, ખાનપુર ચકલા, શાહપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૫/૭/૧૬ ના કલાક ૬/૦૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્લાસ્ટીકની દોરી વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એચ.શોસેટા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)